# હિસાબ નિયામકશ્રીની કચેરી

## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ-૩૮૮૧૧૦ (ગુજરાત)

**પરીપત્ર**

આથી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતેના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીઓને જણાવવાનું કે, ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટેના આવકવેરાના સ્ટેટમેન્ટ આપના ઓફીસીયલ ઇ-મેલ એકાઉન્ટ ઉપર મોકલી આપવામાં આવેલ છે તેમાંથી આપશ્રીની કચેરીમાં ફરજ બજાવતા અધિકારીઓ તથા કર્મચારીઓના આવકના સ્ટેટમેન્ટ કાઢીને આપશ્રીની કચેરી ખાતેથી જે તે કમર્ચારીનેપહોંચતા કરવાના રહેશે. સદરહું આવકવેરાના ફોર્મ ભરીને જરૂરી **આધાર પુરાવા** સાથે સામેલ રાખી આપશ્રીની કક્ષાએથીજરૂરી ચકાસણી કરી **તા.૨૦/૦૧/૨૦૨૦ સુધીમાં** અત્રેની કચેરીના પે એન્ડ પેન્શન સેલને **બે (૨) નકલમાં** મોકલી આપવાના રહેશે.

વધુમાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૯ - ૨૦૨૦ દરમ્યાન આવકવેરા કપાત અંગેની નીચેની કેટલીક બાબતો ધ્યાને રાખવાની રહેશે.

(૧) ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન આવકવેરાની સેકશન-૧૬ (ia) મુજબ રૂ.૫૦,૦૦૦/- કપાતનો પગારદારોને લાભની સામે તેઓને મળવાપાત્ર ટ્રાન્સપોર્ટ એલાઉન્સ (વાર્ષિક રૂ.૧૯,૨૦૦/-) તેમજ મેડીકલ રી-એમ્બર્સમેન્ટ (વાર્ષિક રૂ. ૧૫,૦૦૦/-) ની પ્રવર્તમાન કરમુકિતની જોગવાઇ નાબુદ કરવામાં આવેલ છે જેની નોંધ લેવી.

(૨) આપની કચેરીમાં ફરજ બજાવતા અધિકારી/ કર્મચારીઓના આવકમાં માહે જાન્યુઆરી-૨૦૨૦ માં જો કોઇ ઇજાફો આવતો હોય તો તેની માહિતી રૂબરૂમાં આવીને અપડેટ કરાવી જવાની રહેશે અન્યથા તે અંગેની સઘળી જવાબદારી જે તે ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીની રહેશે.

(૩) આપની કચેરીમાં ફરજ બજાવતા અધિકારી/ કર્મચારીઓના આવકવેરાના સ્ટેટમેન્ટમાં જો કોઇ એરીયર્સની રકમ ડિસેમ્બર-૨૦૧૯ સુધીની રહી ગયેલ હોય અથવા જાન્યુઆરી-૨૦૨૦ બાદ ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન કોઇ એરીયર્સનું ચુકવણું કરવાનું થાય તો તેની વિગત રૂબરૂમાં આવીને અપડેટ કરાવી જવાની રહેશે અન્યથા તે અંગેની સઘળી જવાબદારી જે તે ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીની રહેશે.

(૪) સમયમર્યાદામાં આધાર પુરાવા સાથે ન આવેલ અધિકારી/ કર્મચારીઓના ઇન્કમટેક્ષના ફોર્મ અંગેની જવાબદારી જે તે ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીની રહેશે.

(૫) આપની કચેરીએથી જે કોઇ અધિકારીશ્રીઓને માનદવેતનના મહેનતાણાંનું ચુકવણું કરવામાં આવેલ હોય તો તેની માહિતી નિયત આવકવેરાના ફોર્મમાં ભરવાની રહેશે અને તેની ચકાસણી કરવાની જવાબદારી જે તે ઉપાડ અને ચુકવણા અધિકારીની રહેશે. તે જ મુજબ આપની કચેરીએથી મેડીકલ રી-એમ્બર્સમેન્ટ (બીલ દ્વારા) લેવાયેલ રકમ પણ આવકમાં દર્શાવવાની રહેશે.

(૬) અત્રેની કચેરી દ્વારા મોકલવામાં આવેલ આવકવેરાના સ્ટેટમેન્ટમાં દર્શાવેલ આવક સિવાય સરકારશ્રી દ્વારા અન્ય કોઇ એરીયર્સના ચુકવણા અંગે ઠરાવ થયેથી અત્રેથી નિયમોનુસાર આવકવેરાની ગણતરી કરીને કપાત કરી લેવામાં આવશે.

નં.હિનિ./પેસેલ/ ૧૦૮૨૧ /૨૦૧૯
તા.૨૧.૧૨.૨૦૧૯

**હિસાબી અધિકારી**
**(પી.એફ/પેન્શન)**

**નકલ રવાના :**

(૧) ઓડીટ ઓફીસરશ્રી, પે એન્ડ પેન્શન સેલ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તેમજ અમલ સારૂ.

(૨) આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ કચેરીઓના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રી તરફ જાણ અને અમલ થવા સારૂ.